પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૫૬ | ૯ માર્ચ, ૨૦૧૭, ગુરૂવાર ; ફાગણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મુંબઈના નવા મેયર વિશ્વનાથ મહાદેશ્વર

મુંબઈ મહાનગરપાલિકાના



નવા મેયર પદે શિવસેનાના વિશ્વનાથ મહાદેશ્વર ૧૭૧ મતથી વિજયી થયા છે. જ્યારે શિવસેનાના હેમાંગીની વોરલીકર ડેપ્યુટી મેયર તરીકે ૧૬૬ મત સાથે વિજયી થયા છે.

### દિલ્હી સરકાર શિક્ષકોને ટેબલેટ આપશે



દિલ્હીની આપ સરકારના ત્રીજા અંદાજપત્રમાં જાહેરાત કરાઈ હતી કે, તમામ માધ્યમિક શાળાના શિક્ષકોને ટેબલેટ અપાશે. બજેટમાં શિક્ષણ માટે ૧૧૩૦૦ કરોડની ફાળવણી કરાઈ છે.

### રણથંભોર વિમાની સેવાથી જોડાશે



દેશનું જાણીતું અભ્યારણ્ય અને પ્રવાસન સ્થળ રણથંભોરને વિમાની સેવાથી જોડવાનો નિર્ણય રાજસ્થાન સરકારે કર્યો છે. બીકાનેર અને જયપુર સાથે રણથંભોરની વિમાની સેવા જોડાશે.

### મોહન ભાગવતને ડોક્ટરેટ ડિગ્રી



રાષ્ટ્રીય સ્વયંસેવક આરએસએસના વડા મોહન ભાગવતને ડોકટરેટની માનદ ડિગ્રી મહારાષ્ટ્રની એનિમલ સાયન્સ ફિશરીઝ યુનિવર્સિટીએ એનાયત કરી છે.

### કેશુભાઈ પટેલ પુનઃ સોમનાથ ટ્રસ્ટના ચેરમેન



સોમનાથ મંદિર પરિસરમાં પ્રધાનમંત્રીની હાજરીમાં યોજાયેલ સોમનાથ ટ્રસ્ટની બેઠકમાં વર્ષ ૨૦૧૭ માટે પુનઃ કેશુભાઈ પટેલની વરણી કરાઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેશુભાઈ પટેલના નામની દરખાસ્ત મુકી જેને એલ.કે. અડવાણી અને અમીત શાહે સમર્થન કર્યું હતું.

### અશ્વિનનો રેકોર્ડ પર રેકોર્ડ

ભારતના સ્ટાર ઓફ સ્પીનર રવિન્દ્ર અશ્વિને તેની ૪૭મી મેચની બીજી ઈનિંગમાં ૭ વિકેટ લઈ કુલ વિકેટ ૨૬૭ પહોંચતા નવો વિક્રમ સર્જાયો છે. ૩૦ મેચમાં ૨૦૦ વિકેટ લેવાનો નવો વિક્રમ પણ તેણે સ્થાપ્યો છે.

# સ્વચ્છતા ભારતની રાષ્ટ્રીય ઓળખ બનાવીએ

## મહાત્મા મંદિર ખાતે યોજાયેલ રાષ્ટ્રીય મહિલા સરપંચ સંમેલનમાં 'સ્વચ્છ શક્તિ' ખાસ કાર્યક્રમ યોજાયો : મહિલા સરપંચોના સંમેલનમાં શૌચાલયોની સંખ્યામાં હવે સમયબદ્ધ આયોજનથી વધારો કરવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સૂચન











ગાંધીનગર,તા. ૮
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમની ગુજરાત યાત્રાના બીજા દિવસે વિશ્વ મહિલા દિવસના પ્રસંગે એકત્રિત છ હજારથી પણ વધારે મહિલા સરપંચોના કાર્યક્રમમાં હાજરી આપી હતી. સાથે સાથે મહિલા સરપંચોને સંબોધન કર્યું હતું. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે સ્વચ્છ શક્તિ ૨૦૧૭ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમને સંબોધન કરતા મોદીએ મહિલા સરપંચોને ૨૦૧૯ સુધીમાં સ્વચ્છતા દેશની રાષ્ટ્રીય ઓળખ બને તે રીતે કામ કરવાનું આહવાન કર્યું હતું. મોદીએ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જયંતિ સુધીમાં શૌચાલયોની સંખ્યામાં સમયબદ્ધ આયોજનથી વધારો કરવા માટે અપીલ કરી હતી. સ્વચ્છતાના મુદ્દા ઉપર મોદીએ મહિલા સરપંચોના સંમેલનમાં મુખ્ય ભાર મુક્યો હતો. ૫૦ટકા માતૃશક્તિ ભારતની વિકાસ યાત્રામાં સક્રિય ભાગીદારી કરે તો દેશની પ્રગતિ નિશ્ચિત છે. મહાત્મા ગાંધીની જન્મભૂમિ ગુજરાતમાં યોજાયેલા સ્વચ્છ શક્તિ સંમેલનની

● અનુસંધાન પાન-૭ પર

# લખનૌમાં આઈએસ ત્રાસવાદી સૈફુલ્લા પાસેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટકો જપ્ત

## લખનૌના ઠાકુરગંજ વિસ્તારમાં વહેલી પરોઢ સુધી ઓપરેશન ચાલ્યુ : તેના ઈરાદા ખૂબ ઘાતક હતા : પોલીસ અને સુરક્ષા દળો દ્વારા વધુ ચકાસણી જારી



લખનૌ,તા. ૮
ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌમાં આશરે ૧૨ કલાક સુધી ચાલેલા ત્રાસવાદી વિરોધી ઓપરેશનનો હવે અંત આવી ગયો છે. આજે વહેલી સવારે આ ઓપરેશનને પૂર્ણ થયુ હોવાની જાહેરાત કરવામાં આવી હતી. વહેલી પરોઢે મકાનમાં છુપાયેલા ત્રાસવાદીને ટાર મારી દેવામાં આવ્યો હતો. તેની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક અને હથિયારો જપ્ત કરવામા આવ્યા હતા. અપર પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) બલજીત ચૌધરીએ કહ્યું હતું કે જે મકાનમાં ત્રાસવાદી છુપાયેલો હતો. તેનો દરવાજો ખોલવામાં આવ્યા બાદ પોલીસ ટુકડી જ્યારે અંદર પ્રવેશી ત્યારે ત્રાસવાદી મૃત હાલતમાં હતો. તેને આસપાસ હથિયારો પડેલા હતા.

બીજી બાજુ એટીએસના મહાનિર્દેશક અસીમ અરૂણે કહ્યું છે કે માર્યા ગયેલો ત્રાસવાદી આઈએસ

● અનુસંધાન પાન-૭ પર

# પ્રધાનમંત્રી મોદીએ સોમનાથ મંદિરમાં મહાદેવને અભિષેક કર્યો

## ટ્રસ્ટના આગેવાનો અને અન્યો દ્વારા સ્વાગત : વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત મોદી સોમનાથ મંદિરમાં પહોંચ્યા





સોમનાથ,તા. ૮
વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે સોમનાથ મંદિરે દર્શન કરવા માટે પહોંચ્યા હતા. જ્યાં ભાજપ પ્રમુખ અમિત શાહ અને સોમનાથ મંદિર ટ્રસ્ટના આગેવાનો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું. નરેન્દ્ર મોદીએ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. મંદિરમાં આરતી પણ ઉતારી હતી. મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૧૩ વખત આવ્યા હતા. ૧૯૯૦માં તેઓ અડવાણીના સાથી તરીકે સોમનાથ મંદિર પહોંચ્યા હતા. મોદી સવારે ગાંધીનગરથી સીધા સોમનાથ મંદિરે પહોંચ્યા હતા. જ્યાં તેમનું સ્વાગત કરાયું હતું. મોદીને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. મોદીની સાથે કેશુભાઈ પટેલ, અમિત શાહ, અડવાણી સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. મોદીએ અભિવાદન કાર્યક્રમ બાદ સીધા જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર પહોંચ્યા હતા. હેલિપેડ બજાર મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. મોદીએ જનમેદનીનો આભાર ઝીલ્યો હતો. એક દિવસ પહેલા જ અમિત શાહ તેમના પત્ની સાથે સોમનાથ મહાદેવની પૂજા કરવા માટે પહોંચ્યા હતા. સોમનાથ મંદિરને ૧૦૦ કિલો સોનું દાન આપનાર તથા ચાંદીનું દાન કરનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સોમનાથમાં ચાલી રહેલા વિકાસ કામોની ચર્ચા કરાઈ હતી. આજે મોદી મંદિરમાં દર્શન કરવા પહોંચ્યા ત્યારે સાતમાંથી ૭ ટ્રસ્ટીઓ તેમની સાથે રહ્યા હતા. અડવાણી વીઆઈપી રૂમમાં રહ્યા હતા. સોમનાથ ટ્રસ્ટના સાત ટ્રસ્ટીઓ એક સાથે પહોંચ્યા હતા. સોમનાથ મંદિરના જે ટ્રસ્ટીઓ છે તેમાં કેશુભાઈ પટેલ, નરેન્દ્ર મોદી, અમિત શાહ, પીકે લહેરી, જે.ડી. પરમાર, હર્ષવર્ધન નિવોટીયા અને લાલકૃષ્ણ અડવાણીનો સમાવેશ થાય છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથને અભિષેક કરી દેશ માટે મંગળ કામના મોદીએ કરી હતી. મંદિર પરીસરમાં સરદાર પટેલની પ્રતિમાને માળા ચઢાવી સ્મરણાંજલી અર્પણ કરાઈ હતી. પંચદ્રવ્ય ઉપરાંત વિવિધ પ્રકારના દ્રવ્યો, ગંગાજળથી ભગવાન સોમનાથને અભિષેક કરાયા હતા.

# યુપીમાં ૬૦, મણીપુરમાં ૮૬ ટકા મતદાન

## અંતિમ તબક્કાના મતદાન સાથે પાંચ રાજ્યોમાં મતદાન પૂર્ણ : મણીપુરમાં ૨૨ બેઠકો માટે રેકોર્ડ ૮૬ ટકા મતદાન બીજા તબક્કામાં નોંધાયું : પરિણામને લઈને ભારે ઉત્સુકતા

લખનૌ,તા. ૮
ઉત્તરપ્રદેશ અને મણીપુરમાં આજે શાંતિપૂર્ણ માહોલમાં ઉંચુ મતદાન નોંધાતા ભાજપ સહિત રાજકીય પક્ષોમાં ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. ઉત્તરપ્રદેશમાં આજે સાતમાં અને અંતિમ તબક્કામાં ઉત્તરપ્રદેશના સાત પૂર્વીય જિલ્લાઓમાં આવરી લેતી ૪૦ બેઠકો પર મતદાન યોજાયું હતું. ઉત્તરપ્રદેશમાં અંતિમ તબક્કામાં ૬૦.૦૩ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. બીજી બાજુ મણીપુરમાં બીજા અને અંતિમ તબક્કાની ચૂંટણીમાં ૮૬ ટકા મતદાન થયું હતું જે પ્રથમ તબક્કા કરતા પણ ઉંચુ મતદાન રહ્યું છે. મણીપુરમાં બંને તબક્કામાં ૮૦ ટકાથી વધુ મતદાન થયા બાદ ચોંકાવનારા પરિણામ મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશમાં પણ ઉલ્લેખનિય મતદાન થયું છે. વડાપ્રધાન મોદીના સંસદીય વિસ્તાર વારાણસીમાં ૬૩ ટકાથી વધુ મતદાન નોંધાયું છે. અગાઉ ઉત્તરપ્રદેશ અને મણિપુરમાં આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં સઘન સુરક્ષા વચ્ચે મતદાનની શરૂઆત થઈ હતી. આની સાથે બન્ને રાજ્યોમાં ચૂંટણી મેદાનમાં રહેલા તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.





● અનુસંધાન પાન-૭ પર

# અજમેર બ્લાસ્ટ કેસમાં અસીમાનંદ નિર્દોષ

## અસીમાનંદ સહિત પાંચ નિર્દોષ, અન્ય ત્રણને અપરાધી જાહેર કરવામાં આવ્યા : નક્કર પુરાવાઓ ન મળ્યા હોવાની એનઆઈએની જયપુર કોર્ટ દ્વારા રજુઆત કરાઈ

જયપુર,તા. ૮
અજમેર બ્લાસ્ટ કેસમાં આરોપી અસીમાનંદ સહિત પાંચ અન્યને એનઆઈએની જયપુર કોર્ટે નિર્દોષ છોડી મુક્યા છે. જ્યારે ત્રણને અપરાધી ઠેરવવામાં આવ્યા છે. એનઆઈએ દ્વારા કહેવામાં આવ્યું છે કે તેમની સામે પુરાવા મળી શક્યા નથી. ૨૦૧૧માં અસીમાનંદને આજ તપાસ સંસ્થાએ બ્લાસ્ટના માસ્ટર માઈન્ડ તરીકે ગણાવીને ઝાટકણી કાઢવામાં આવી હતી. સુનિલ જોશી, ભાવેશ પટેલ અને દેવેન્દ્ર ગુપ્તાને દોષિત ઠેરવવામાં આવ્યા છે. સુનિ જોશીનું મોત થઈ ચુક્યું છે. અજમેરમાં સુફીસંત ખ્વાજા મુઈનુદીન ચિશ્તીની દરગાહમાં ૧૧મી ઓક્ટોબર ૨૦૦૭ના દિવસે સાંજે ૬.૧૪ વાગે રોજા ઈફતાર વેળા બ્લાસ્ટ થયો હતો. જેમાં ત્રણ લોકોના મોત થયા હતા અને અન્ય ૩૦ લોકો ઘાયલ થયા હતા. રાજસ્થાન એટીએસ દ્વારા સમગ્ર માલમાની તપાસ કરવામાં આવી હતી. ૨૦મી ઓકટોબર ૨૦૧૦ના દિવસે અજમેરના સીજીએમ કોર્ટમાં ત્રણ અપરાધીઓની સામે ચાર્જશીટ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગુજરાત હોટલ જોગ
ગુજરાત હોટલ, શાહપુર-લવારપુર રોડ, ગ્રીફ્ટ સીટી પાસે,
નોધ : તા. ૧૧-૦૩-૨૦૧૭ થી ૧૫-૦૩-૨૦૧૭ સુધી
એમ પાંચ દિવસ હોટલમાં રજા રાખેલ છે. તો તે અંગે તમામ ગ્રાહક મિત્રોએ નોંધ લેવી. તથા ૧૬-૦૩-૨૦૧૭થી હોટલ રાબેતા મુજબ ચાલુ રહેશે.
સંપર્ક : 99093 82891

